# ૨.૩ મહાવિદેહક્ષેત્ર

## મહાવિદેહ ક્ષેત્રનો પરિચય

## ખરેખર મહાવિદેહ ક્ષેત્ર હશે ?

જૈન ધર્મની પોતાની એક આગવી અને વિશિષ્ટ ભૂગોળ છે. ઈ.સ. ૧૯૪૨માં કોલંબસે અમેરિકાને જ્યારે શોધ્યું તે પહેલા પણ અમેરિકાનું અસ્તિત્વ તો હતું જ પરંતુ તે અપ્રસિદ્ધ હતું. તેવી રીતે ક્ષેત્ર સંબંધી આપણા કોઈપણ સ્વરૂપોનું વર્ણન જ્ઞાની ભગવંતોએ જે રીતે બતાવ્યું છે તે રીતે અસ્તિત્વ તેનું છે જ પરંતુ અપ્રસિદ્ધ છે.

નહીં દેખાતી કે નહીં જણાતી વસ્તુઓ જ્ઞાની ભગવંતોની ઉપર વિશ્વાસ અને શ્રદ્ધાથી જે જ્ઞાન અને જાણકારી મળે છે તે ઘણી જ મહેનત અને પ્રયત્નો વિના આસાનીથી મળી જાય છે. જેમ કે, વૈજ્ઞાનિકો કે સંશોધકો ઘણા બધા વર્ષોની મહેનત પછી જે સંશોધન પ્રગટ કરે તેના ઉપર આપણે વિશ્વાસ મૂકી માનીએ છીએ તેમ આપણા મહાપુરૂષો ઉપર વિશ્વાસ મૂકીને પદાર્થોને શ્રદ્ધાથી સ્વીકારવાની વાત છે.

## કુલ પાંચ મહાવિદેહ ક્ષેત્ર

પૃથ્વી ઉપર ઘણા દ્વીપો અને સમુદ્રો રહેલા છે અઢીદ્વીપની અંદર કુલ ૫ ભરત, ૫ મહાવિદેહ અને ૫ ઐરવત ક્ષેત્ર આવેલાં છે જેને આપણે ૧૫ કર્મભૂમિ તરીકે ઓળખીએ છીએ. જંબૂદ્વીપમાં ૧, ધાતકીખંડમાં ૨ અને અર્ધપુષ્કરદ્વીપમાં ૨ એમ કુલ (પંદર ક્ષેત્રો પૈકી) પાંચ મહાવિદેહ ક્ષેત્ર આવેલાં છે.

મહાવિદેહક્ષેત્ર ચાર વિભાગમાં વિભક્ત છે.

(૧) પૂર્વનો ભાગ પૂર્વ મહાવિદેહ (૨) પશ્ચિમનો ભાગ પશ્ચિમમહાવિદેહક્ષેત્ર (૩) દક્ષિણમાં દેવકુરુ અને (૪) ઉત્તરમાં ઉત્તર કુરુ ( આ છેલ્લાં બે ક્ષેત્રો અકર્મભૂમિનાં છે) વચ્ચે મેરૂપર્વત છે.

**મહાવિદેહનો ઉત્તર – દક્ષિણ વિસ્તાર**

મહાવિદેહની મધ્યમાં મેરૂપર્વત – ૧૦,૦૦૦ યોજનનો વિસ્તાર છે.

દક્ષિણ – ભદ્રશાલવન – ૨૫૦ યોજન

દેવકુરુ – ૧૧૫૯૨ યોજન, ૨ કલા

ઉત્તર – ભદ્રશાલવન – ૨૫૦ યોજન,

ઉત્તરકુરુ – ૧૧૫૯૨ યોજન, ૨ કલા છે.

**મહાવિદેહનો પૂર્વ – પશ્ચિમ વિસ્તાર**

પૂર્વ વિજય ૨૩,૦૦૦ યોજન પશ્ચિમ વિજય ૨૩,૦૦૦ યોજન આ રીતે પૂર્વ – પશ્ચિમ ૪૬,૦૦૦ યોજન મહાવિદેહનો વિસ્તાર છે.

| | |
|---|---|
| ૧૨ | યોજન જગતીના |
| ૨૯૧૦ | યોજન સીતામુખવન |
| ૨૦૦૦ | યોજન ચાર વક્ષસ્કાર પર્વતના |
| ૩૭૫ | યોજન ત્રણ અંતરનદીના |
| ૧૭૭૦૩ | યોજન આઠ વિજયના |

આ રીતે ૨૩૦૦૦ યોજન પૂર્વના અને ૨૩૦૦૦ યોજન પશ્ચિમ તરફના થાય છે. એક વિજયની પૂર્વ– પશ્ચિમ ૨૨૧૨–૭/૮ યોજન છે. એક વિજયની ઉત્તર–દક્ષિણ પહોળાઈ ૧૬૫૯૨ યોજન ૨ કલા છે.

મહાવિદેહ ક્ષેત્રમાં કુલ ૩૨ વિજયો (વિશાળ ક્ષેત્રો) આવેલા છે ત્યાંના એક વિજયનું ક્ષેત્ર આપણા ભરતક્ષેત્ર કરતા બમણું છે તેથી કુલ ૧૬૦ વિજયો હોય છે. આ મહાવિદેહ ક્ષેત્રનો પૂર્વ પશ્ચિમ વિસ્તાર ૧ લાખ યોજનનો છે તેના મધ્ય ભાગમાં મેરૂ પર્વત આવેલો છે અને ત્યાં આગળ ફરતે ભદ્રશાલ નામનું મહાવન છે તથા મહાવિદેહની ઉત્તર દક્ષિણે રહેલાં નીલવંત પર્વત અને નિષધ પર્વતમાંથી હાથીના દાંતના આકારે બે બે પર્વતો નીકળી મેરૂ પર્વતને ભેગા થાય છે આ ચારે પર્વતોને ગજદંત પર્વત કહેવાય છે.

## મહાવિદેહક્ષેત્રનો આકાર અને વિસ્તાર

દક્ષિણ દિશાની બંને બાજુના ગજદંત પર્વતો વચ્ચેના ક્ષેત્રની જગ્યા, દેવ કુરૂક્ષેત્ર કહેવાય છે. અને ઉત્તરના બંને ગજદંત પર્વતોની વચ્ચેના ક્ષેત્રને ઉત્તર કુરૂક્ષેત્ર કહેવાય છે આ ક્ષેત્રમાં યુગલિક પુરૂષો રહેતા હોય છે.

મહાવિદેહક્ષેત્રનો ઉત્તર દક્ષિણ વિસ્તાર ભરત ક્ષેત્રથી ચોસઠગુણો થાય છે એટલે કુલ ૩૩૬૮૪ યોજન થાય છે અને પૂર્વ પશ્ચિમ વિસ્તાર ૧ લાખ યોજન થાય છે અને તેનો આકાર પલંગ જેવો લંબચોરસ છે. પૂર્વ મહાવિદેહક્ષેત્રના ઉત્તર અને દક્ષિણ બે વિભાગ સીતા નામની મહાનદીથી પડેલા છે એના દક્ષિણ વિભાગમાં આઠ વિજય છે તેમાં આઠમી પુષ્કલાવતી નામની વિજયમાં દેવનગરી સરખી પુંડરિકગીણી નગરી આવેલી છે. અહીંથી એ સ્થાન બીજા વિહરમાન તીર્થંકરોની સરખામણીએ વધુ નિકટ અને ઈશાન ખૂણામાં રહેલું છે.

**મહાવિદેહ ક્ષેત્ર નામના કારણ**

(૧) આ ક્ષેત્ર ભરત–ઐરવત–હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્વર્ષથી લંબાઈ, પહોળાઈ, સંસ્થાન અને પરિધિમાં અધિક વિસ્તીર્ણ છે અધિક વિશાળ છે (૨) અહીંયા મહાવિદેહ અર્થાત્ ઘણાં ઊંચા શરીરવાળા મનુષ્યો રહે છે. (૩) મહાવિદેહ નામનાં દેવ (એક પલ્યોપમની સ્થિતિવાળાં) આ ક્ષેત્રનાં અધિપતિ છે. તેથી આ ક્ષેત્રનું નામ મહાવિદેહક્ષેત્ર કહેવાય છે. અથવા આ મહાવિદેહ નામ શાશ્વત, ધ્રુવ અને નિત્ય છે. ત્રણે કાળે હતું, છે અને રહેશે.

## મહાવિદેહક્ષેત્રમાં આવેલા
## પર્વતો, નદીઓ, કુંડો, તીર્થો અને ખંડો

jainuniversity.org

મહાવિદેહમાં નિષધ અને નીલવંત વગેરે પર્વતોની સંખ્યા ૩૨–૩૨ છે અને દરેક વિજયની વચ્ચે વૈતાઢ્ય પર્વત આવેલા હોય છે.

મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨ માગધ, ૩૨ વરદામ અને ૩૨ પ્રભાસ વગેરે તીર્થો આવેલા છે. મહાવિદેહના બે છેડે બે–બે મહાવન જગતી પાસે રહેલા છે તે ચાર વન અને મેરૂ પર્વતના ભદ્રશાલ, નંદન, સોમનસ અને પાડુંકવન નામના ચાર વન મળી આઠ મહાવન છે. મહાવિદેહ ક્ષેત્રમાં ૬૪ વિજયગત નદીઓ અને ૧૨ અંતરનદીઓ નિષધ અને નીલવંત પર્વત પાસેના કુંડમાંથી નીકળે છે તે કુંડોની સંખ્યા ૭૬ છે. અને દરેક વિજયમાં વૈતાઢ્ય પર્વત વચ્ચે હોવાથી તેના બે ભાગ પડે છે અને ગંગા, સિંધુ કે રક્તા, રક્તવતી નદી બંને ભાગમાં વહે છે અને દરેક ભાગના ત્રણ ત્રણ વિભાગો પડે છે. આમ પ્રત્યેક વિજયના છ ખંડ થાય છે આ છયે ખંડના જે અધિપતિ રાજાઓ હોય તેને ચક્રવર્તી કહેવાય છે. તેમાં ઉત્કૃષ્ટથી ૨૮ ચક્રવર્તી, અથવા ૨૮ વાસુદેવ અથવા ૨૮ બળદેવ હોય છે.

# મહાવિદેહ ક્ષેત્રમાં કુલ ૩૨ વિજયો અને તેનો પરિચય

## મહાવિદેહ ક્ષેત્રમાં કુલ ૩૨ વિજયો, અને તેનો પરિચય

**પૂર્વ મહાવિદેહમાં ૧૬ વિજયો આવેલી છે**

| | | | |
|---|---|---|---|
| ૧. કચ્છ | ૨. સુકચ્છ | ૩. મહાકચ્છ | ૪. કચ્છાવતી |
| ૫. આવર્ત | ૬. મંગલાવર્ત | ૭. પુષ્કલાવર્ત | ૮. પુષ્કલાવતી |
| ૯. વત્સ | ૧૦. સુવત્સ | ૧૧. મહાવત્સ | ૧૨. વત્સાવતી |
| ૧૩. રમ્ય | ૧૪. રમ્યક્ | ૧૫. રમણિક | ૧૬. મંગલાવતી |

નોંધઃ- ઉપરના ૧ થી ૮ વિજયો ઉત્તર દિશામાં છે જ્યારે ૯ થી ૧૬ વિજયો દક્ષિણ દિશામાં છે.

**પશ્ચિમ મહાવિદેહમાં ૧૬ વિજયો (સ્થાનો) આવેલા છે.**

| | | | |
|---|---|---|---|
| ૧૭. પદ્મ | ૧૮. સુપદ્મ | ૧૯. મહાપદ્મ | ૨૦. પદ્માવતી |
| ૨૧. શંખ | ૨૨. કુમુદ | ૨૩. નલીન | ૨૪. નલિનાવતી |
| ૨૫. વપ્ર | ૨૬. સુવપ્ર | ૨૭. મહાવપ્ર | ૨૮. વપ્રાવતી |
| ૨૯. વલ્ગુ | ૩૦. સુવલ્ગુ | ૩૧. ગંધિલ | ૩૨. ગંધિલાવતી |

**નોંધઃ- ઉપરના સત્તર થી ચોવીશ વિજયો દક્ષિણ દિશામાં છે જ્યારે પચીશ થી બત્રીસ વિજયો ઉત્તર દિશામાં છે.**

પ્રથમ વિજય પછી પર્વત, પછી વિજય પછી નદી પછી પાછી નવી વિજય પછી પર્વત એમ ક્રમશઃ છેક પૂર્વના છેડે આઠમી અને છેલ્લી પુષ્કલાવતી વિજય આવે છે પૂર્વ ઉત્તર મહાવિદેહમાં કુલ ૮ વિજય ૪ પર્વત અને ૩ નદી આવે છે એવી જ રીતે પૂર્વ દક્ષિણમાં, પશ્ચિમ દક્ષિણમાં અને પશ્ચિમ ઉત્તરમાં કુલ ૩૨ વિજય ૧૬ પર્વત અને ૧૨ નદીઓ આવે છે.

તેમાં આઠમી પુષ્કલાવતી, નવમી વત્સ, ચોવીશમી નલિનાવતી અને પચીસમી વપ્ર એ ચાર વિજયોમાં ક્રમશઃ શ્રી સીમંધર સ્વામી શ્રી યુગમંધર સ્વામી, શ્રી બાહુસ્વામી અને શ્રી સુબાહુસ્વામી તીર્થંકરો વિચરે છે. બીજા આઠ વિહરમાન તીર્થંકરો ધાતકી ખંડના બે મહાવિદેહ ક્ષેત્રોમાં વિચરે છે અને બીજા ૮ તીર્થંકરો પુષ્કરાવર્ત દ્વીપના બે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે. આ વિજયોમાં સદા ચોથા આરાના ભાવો વર્તે છે અને સર્વકાલ ધર્મનું પ્રવર્તન હોય છે.

ભરતક્ષેત્રમાં ૧૭માં કુંથુનાથ ભગવાન અને ૧૮માં અરનાથ ભગવાનની વચ્ચેના આંતરામાં અઢીદ્વીપમાં મહાવિદેહક્ષેત્રમાં ૨૦ તીર્થંકરોનો જન્મ થયો છે. અને ૨૦માં મુનિસુવ્રત તથા ૨૧ માં નમિનાથની વચ્ચેના આંતરામાં એકસમયે ૨૦ તીર્થંકરોએ દીક્ષા લીધી. ૧ મહિના સુધી છદ્‌મસ્થ અવસ્થામાં રહી કેવળજ્ઞાન પામ્યા. અને આવતી ચોવીશીમાં સાતમા અને આઠમા તીર્થંકરના આંતરામાં એક સાથે ૨૦તીર્થંકર મોક્ષમાં પધારશે.

આ તીર્થંકરો (૨૦ વિહરમાન)નું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું છે. ૮૩ લાખ પૂર્વ સંસાર અવસ્થામાં, ૧ લાખ પૂર્વનો સંયમપર્યાય, ૧ મહિનો છદ્‌મસ્થ અવસ્થા, ૫૦૦ ધનુષની અવગાહના, સર્વને ૮૪-૮૪ ગણધર, દરેકના દશ દશ લાખ કેવલી, કુલ બે ક્રોડ સાધુ-સાધ્વીનો પરિવાર હોય છે.

એક મહાવિદેહની ૩૨ વિજય છે તે પ્રત્યેક વિજયમાં એક-એક એટલે કુલ ૩૨ તીર્થંકર અને ૧-૧ તીર્થંકર ભરત-ઐરવતક્ષેત્રમાં એટલે કુલ ૩૪ તીર્થંકર જંબૂદ્વીપમાં એક સાથે હોય શકે છે. આ ક્ષેત્રમાં મનુષ્યને છ પ્રકારનાં સંહનન અને છ પ્રકારનાં સંસ્થાન હોય છે ૫૦૦ ધનુષ્યની ઊંચાઈ અને આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અને ક્રોડપૂર્વનું હોય છે તે આયુષ્ય પૂર્ણ કરી કોઈ નરકમાં, કોઈ તિર્યંચમાં, કોઈ દેવમાં, કોઈ મનુષ્યમાં એમ ચારે ગતિમાં જાય છે. અને કોઈ સંપૂર્ણ દુઃખોથી-કર્મોથી મુક્ત બની સિદ્ધ બની સિદ્ધ-બુદ્ધ થઈ પરિનિર્વાણ મોક્ષને પામે છે.

## સાક્ષાત્ તીર્થંકર કેવા હોય ?

આપણા જંબૂદ્વીપની નજીકમાં રહેલા શ્રી સીમંધરસ્વામી પ્રભુ હાલમાં પણ ધર્મ તીર્થનું પ્રવર્તન કરે છે અને એ પ્રભુ જ્યાં જ્યાં વિચરે છે ત્યાં સમવસરણ રચાય છે. તે દેશમાં પુષ્કરાવર્ત મેઘ વરસે છે પ્રભુની પાસે જઘન્યથી એક કરોડ દેવતાઓ સાથે હોય છે. ભગવંતને કુલ ૩૪ અતિશયો સેવામાં હોય છે અને ભગવાનની વાણી પાંત્રીસ ગુણોથી યુક્ત હોય છે.

પરમાત્માને કેવળજ્ઞાન થાય ત્યાર પછી પરમાત્મા ઊઠીને જ્યાં પગ મૂકે ત્યાં નવ સુવર્ણકમળો રચાય, કાંટા ઊંધા થાય, વાયુ અનુકુળ વાય, પક્ષીઓ પ્રદક્ષિણા આપે, મંગલ ધ્વનિ ગાજ્યા કરે, વૃક્ષો નમી જાય, આગળ ધર્મ ધ્વજ ચાલે, આકાશમાં ધર્મચક્ર ચાલે, બે બાજુ ચામર વીંઝાય, માથે ત્રણ છત્રો હોય, અદ્‌ભુત સમવસરણની રચના ત્રણ ગઢોથી યુક્ત હોય દરેક ગઢમાં ચાર ચાર દ્વારો હોય, પહેલા રજત ગઢમાં વાહનો રાખવાની વ્યવસ્થા હોય, બીજા સુવર્ણ ગઢમાં પશુઓ હોય અને ત્રીજા રત્નના ગઢમાં બાર પર્ષદા હોય, મધ્યમાં અશોકવૃક્ષ હોય તેના ઉપર જે વૃક્ષ નીચે પ્રભુને કેવળજ્ઞાન થયું હોય તે જ્ઞાનવૃક્ષ હોય તેની નીચે ચાર દિશામાં ચાર સિંહાસનો હોય, પ્રભુ સમવસરણમાં પધારે ત્યારે અશોકવૃક્ષ અને ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા આપે, પ્રભુ 'નમો તિત્થસ્સ' કહે, પૂર્વાભિમુખ બિરાજમાન થાય, ત્રણ દિશામાં વ્યંતર દેવો પ્રભુનું પ્રતિબિંબ સ્થાપે, પ્રભુની પાછળ ભામંડળ હોય, ઉપર ત્રણ છત્ર હોય, પ્રભુની બંને બાજુએ રત્ન જડિત ચામર વીંઝાતા હોય, પ્રભુ ત્યારે માલકોષ રાગમાં સુમધુર દેશના આપે, સહુ કોઈ પોત-પોતાની ભાષામાં સમજે, સર્વના સંશયો છેદાઈ જાય, ભૂખ, તરસ, થાક, શાંત થઈ જાય, પ્રભુની વાણીમાં દેવો દિવ્યધ્વનિ પૂરે, સહુને દુંદુભિના નાદ દ્વારા પ્રેરિત કરાય, સમવસરણ ભૂમિમાં પાંચ વર્ણના પુષ્પોની જાનુપ્રમાણ વૃષ્ટિ થાય. આવાં અલૌકિક દૃશ્યો સાથે પ્રભુ સદેહે સંસારના સર્વ જનોને નિરંતર ઉપકાર કરી રહ્યા હોય છે અને સર્વને મોક્ષ માર્ગે લઈ જવા માટે ધર્મ દેશના આપતા હોય છે અને સંપૂર્ણ જગતનો ઉદ્ધાર કરતા હોય છે.

## ઉપસંહાર

અત્યારે આપણી પૃથ્વી ઉપર ભાવ જિનેશ્વરોનો વિરહ છે પરંતુ પાંચેય મહાવિદેહક્ષેત્રમાં શાશ્વતકાળ માટે ભાવ જિનેશ્વરોની ઓછામાં ઓછી વીશની સંખ્યામાં હાજરી હોય છે અને ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકરો પણ હોઈ શકે છે. જેઓ આ સમગ્ર વિશ્વને પવિત્ર કરી રહ્યા છે.

મહાવિદેહક્ષેત્રમાં જઘન્યથી ચાર તીર્થંકરો, ચાર ચક્રવર્તી, ચાર બલદેવો અને ચાર વાસુદેવો તો હોય જ છે ત્યાંના મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વ ક્રોડ વર્ષ (૭૦,૫૬,૦૦૦૦૦૦૦૦૦૦)નું હોય છે. ઉંચાઈ પાંચસો ધનુષ્ય (૨૦૦૦ હાથ)ની હોય છે ત્યાં હંમેશા દૂષમ-સુષમ નામના ચોથો આરો હોય છે એટલે કે દુ:ખ થોડું અને સુખ ઘણુ બધું એવા કાળનો અનુભવ થાય છે અને ત્યાં મનુષ્યોને ૩૨ પાંસળીઓ હોય છે. મહાવિદેહક્ષેત્રમાં ૧૭૦ ભગવાન વિચરતા હતા ત્યારે નવ કરોડ કેવળજ્ઞાની અને ૯ હજાર કરોડ ધ્યાનસ્થ મુનિઓ હતા વર્તમાનમાં કુલ ૨૦ ભગવાન બે કરોડ કેવળજ્ઞાની અને ૨૦ અરબ મુનિઓ છે. ત્યાંના ઉત્કૃષ્ટ દિવસ ૧૮ મુહૂર્ત પ્રમાણના હોય છે અને રાત્રી ૧૨ મુહૂર્ત પ્રમાણવાળી હોય છે તથા ૪૫૧૨૦ કોડાકોડી (વર્તમાનમાં એક ક્રોડને એક ક્રોડ સાથે ગુણતા કોડા કોડી) થાય એટલા તારાઓ છે.

વિશેષ જાણકારી માટે જંબૂદ્વીપ લઘુ સંગ્રહણી, સીમંધર જિનવિનતિ, વીશવિહરમાન જિન પુસ્તક, અને બૃહદ ક્ષેત્ર સમાસ ગ્રંથોમાંથી જાણી લેવું.